Extra No. 5

वार्षिक લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVI ] TUESDAY, MARCH 31, 2015/CAITRA 10, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV

**Acts of Gujarat Legislature and Ordinances promulgated and Regulations made by the Governor.**

The following Act of the Gujarat Legislature, having been assented to by the President on the 20th March, 2015 is hereby published for general information.

C. J. GOTHI,
Secretary to the Government of Gujarat,
Legislative and Parliamentary Affairs Department.

## GUJARAT ACT NO. 5 OF 2015.

(First published, after having received the assent of the President, in the *"Gujarat Government Gazette"*, on the 31st March, 2015).

## AN ACT

further to amend the Bombay Tenancy and Agricultural Lands Act, 1948, the Saurashtra Gharkhed, Tenancy Settlement and Agricultural Lands Ordinance, 1949 and the Bombay Tenancy and Agricultural Lands (Vidarbha Region and Kutch Area) Act, 1958.

It is hereby enacted in the Sixty-second Year of the Republic of India as follows:-

1. This Act may be called the Gujarat Tenancy and Agricultural Lands Laws (Amendment) Act, 2011. **Short title.**

**Amendment of section 63 of Bom. LXVII of 1948.**

2. In the Bombay Tenancy and Agricultural Lands Act, 1948, in section 63, after sub-section (1), the following sub-section shall be inserted, namely:- **Bom. LXVII of 1948.**

"(1A) The State Government may, by notification in the *Official Gazette,* exempt from the provisions of sub-section (1), for the transfer of any agricultural land to any public trust established for the charitable purpose and which is non-profitable in nature, for the use of such land in the field of health and education, subject to such conditions as may be specified therein.".

**Amendment of section 54 of Sau. Ord. XLI of 1949.**

3. In the Saurashtra Gharkhed, Tenancy Settlement and Agricultural Lands Ordinance, 1949, in section 54, after sub-section (1), the following sub-section shall be inserted, namely:- **Sau. Ord. XLI of 1949.**

"(1A) The State Government may, by notification in the *Official Gazette,* exempt from the provisions of sub-section (1), for the transfer of any agricultural land to any public trust established for the charitable purpose and which is non-profitable in nature, for the use of such land in the field of health and education, subject to such conditions as may be specified therein.".

**Amendment of section 89 of Bom. XCIX of 1958.**

4. In the Bombay Tenancy and Agricultural Lands (Vidarbha Region and Kutch Area) Act, 1958, in section 89, after sub-section (1), the following sub-section shall be inserted, namely:- **Bom. XCIX of 1958.**

"(1A) The State Government may, by notification in the *Official Gazette,* exempt from the provisions of sub-section (1), for the transfer of any agricultural land to any public trust established for the charitable purpose and which is non-profitable in nature, for the use of such land in the field of health and education, subject to such conditions as may be specified therein.".

-------------

Government Central Press, Gandhinagar.

Extra No. 80

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LVI ]** **TUESDAY, MARCH 31, 2015/CAITRA 10, 1937**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી માર્ચ, ૨૦૧૫.

**તારીખ : ૩૧મી માર્ચ, ૨૦૧૫** - ના **ગુજરાત રાજપત્ર, (અસાધારણ)** માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન **૨૦૧૫** ના ગુજરાત **અધિનિયમ ક્રમાંક : ૫** - નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

**આર. એમ. ભાવસાર,**
સરકારના નાયબ સચિવ.

**GUJARAT ACT NO. 5 OF 2015.**

**THE GUJARAT TENANCY AND AGRICULTURAL LANDS LAWS (AMENDMENT) ACT, 2011.**

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાષ્ટ્રપતિએ **સન ૨૦૧૫ના માર્ચ મહિનાની ૨૦મી તારીખે** અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

સી.જે.ગોઠી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

**GUJARAT ACT NO. 5 OF 2015.**

**AN ACT**

*further to amend the Bombay Tenancy and Agricultural lands Act, 1948, the Saurashtra Gharkhed, Tenancy Settlement and Agricultural Lands Ordinance, 1949 and the Bombay Tenancy and Agricultural Lands (Vidarbha Region and Kutch Area) Act, 1958.*

**સન ૨૦૧૫નો ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૫.**

(રાષ્ટ્રપતિની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૫ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે "ગુજરાત સરકારી રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિધ્ધ કરેલો).

**મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮, સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ અને સન ૧૯૫૮નો મુંબઈનો ગણોત વહીવટ અને ખેતીની જમીનો બાબતનો (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ વધુ સુધારવા બાબત અધિનિયમ.**

આથી, ભારતના ગણરાજ્યના બાસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. આ અધિનિયમ ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૧૧ કહેવાશે. ટૂંકી સંજ્ઞા

સન ૧૯૪૮ના મુંબઈના ૬૭મા અધિનિયમની કલમ ૬૩નો સુધારો.

૨. મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮માં, કલમ ૬૩માં, પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા-કલમ દાખલ કરવી :- સન ૧૯૪૮નો મુંબઈનો ૬૭મો.

"(૧ક) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતોને અધીન રહીને, સખાવતી હેતુ માટે સ્થપાયેલા અને બિન-નફાકારક સ્વરૂપના હોય તેવા કોઈપણ સાર્વજનિક ટ્રસ્ટને, ખેતીની કોઈપણ જમીન, આવી જમીનનો આરોગ્ય અને શિક્ષણના ક્ષેત્રે ઉપયોગ કરવા માટે તબદીલ કરવા પેટા-કલમ (૧) ની જોગવાઈઓમાંથી મુક્તિ આપી શકશે.".

સન ૧૯૪૯ના સૌરાષ્ટ્ર વટહુકમ ૪૧માની કલમ ૫૪નો સુધારો.

૩. સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯માં, કલમ-૫૪માં, પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા-કલમ દાખલ કરવી :- સન ૧૯૪૯નો સૌરાષ્ટ્ર વટહુકમ ૪૧મો.

"(૧ક) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતોને અધીન રહીને, સખાવતી હેતુ માટે સ્થપાયેલા અને બિન-નફાકારક સ્વરૂપના હોય તેવા કોઈપણ સાર્વજનિક ટ્રસ્ટને, ખેતીની કોઈપણ જમીન, આવી જમીનનો આરોગ્ય અને શિક્ષણના ક્ષેત્રે ઉપયોગ કરવા માટે તબદીલ કરવા પેટા-કલમ (૧) ની જોગવાઈઓમાંથી મુક્તિ આપી શકશે.".

સન ૧૯૫૮ના મુંબઈના ૯૯મા અધિનિયમની કલમ ૮૯નો સુધારો.

૪. સન ૧૯૫૮ના મુંબઈના ગણોત વહીવટ અને ખેતીની જમીનો બાબતના (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમમાં, કલમ-૮૯માં, પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા-કલમ દાખલ કરવી :- સન ૧૯૫૮નો મુંબઈનો ૯૯મો.

"(૧ક) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતોને અધીન રહીને, સખાવતી હેતુ માટે સ્થપાયેલા અને બિન-નફાકારક સ્વરૂપના હોય તેવા કોઈપણ સાર્વજનિક ટ્રસ્ટને, ખેતીની કોઈપણ જમીન, આવી જમીનનો આરોગ્ય અને શિક્ષણના ક્ષેત્રે ઉપયોગ કરવા માટે તબદીલ કરવા પેટા-કલમ (૧) ની જોગવાઈઓમાંથી મુક્તિ આપી શકશે.".

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.